# સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ વન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડરઆર હાઈસ્કુલ ખાતે સ્વામી વિવેકાનંદ ગુજરાત બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ વન અંતર્ગત વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમા આયોવેદિક વૃક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રભારી, જિલ્લા મંત્રી સહિત ઉપસ્થિત રહ્યા હતા અને વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

# ટ્રાફીક ડ્રાઈવમાં બેધારી નીતિ - જિલ્લામાં ગેરકાયદે મુસાફરો ભરીને દોડતા વાહનો સામે સૂચક મૌન

## એસ.ટી. રુટની સમાંતરે દોડતાં ૪૦૦૦થી વધુ શટલિયાં વાહનોને લીલીઝંડી

બાયડ, તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગેરકાયદે મુસાફરો ભરીને દોડતાં વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થયા પછી ગમખ્વાર અકસ્માતનું જોખમ વધ્યું છે છતાં શલિયાં વાહનો સામે પોલીસે સૂચક મૌન સેવી લીધું છે. જિલ્લામાં એસ.ટી. રુટની સમાંતરે ૪૦૦૦થી પણ વધુ વાહનો ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરી માર્ગો ઉપર દોડી રહ્યાં છે પરંતુ સ્થાનિક પોલીસ ઉપરાંત ટ્રાફીક પોલીસે આવાં વાહનોને લીલીઝંડી આપી દીધી છે.

ટ્રાફીકના નિયમોની વાહન ચાલકોમાં જાગૃતતા લાવવાના પ્રયાસ થાય તે સૌ કોઈ માટે ફાયદાકારક છે પરંતુ જાણી જોઈને નિયમ ભંગ કરતા શટલિયાં વાહનો સામે પોલીસ આંખો બંધ કરી દે ત્યારે અનેક સવાલ ઉભા થતા હોય છે. જિલ્લામાં ટ્રાફીકના નિયમોનું પાલન કરવા માટે કહેવાતી ટ્રાફીક પોલીસની કામગીરીમાં ગેરકાયદેસર મુસાફરો ભરીને દોડતાં વાહનોને કોઈ રોકટોક હોય તેવું દેખાતું નથી. ટ્રાફીક પોલીસનું સરકારી વાહન હાઈવે રોડ ઉપર ઉભું હોય ત્યારે ખાનગી વાહન ચાલકો કોઈને કોઈ બહાને દંડાતા હોય છે પરંતુ ખીચોખીચ મુસાફરો ભરીને પસાર થતા વાહનોને હાથનો ઈશારો કરી પસાર થવા માટે ખુદ ટ્રાફીક પોલીસના કર્મચારીઓ હાથનો ઈશારો કરી લીલીઝંડી આપી દેતા હોય છે. જિલ્લાના માર્ગો ઉપર એસ.ટી. બસની સમાંતરે ગેરકાયદેસર મુસાફરો ભરીને શલિયા વાહનો સવાર થી રાત સુધી દોડાદોડી કરી રહ્યાં છે અને દર મહિને સ્થાનિક પોલીસ અને ટ્રાફીક શાખામાં વચેટીયાઓ નિયત હપ્તો પહોંચાડી સાચવી લેતા હોવાના ગંભીર આક્ષેપો ઘણા લાંબા સમયથી થઈ રહ્યા છે. માર્ગો ઉપર ગેરકાયદે મુસાફરો ભરી દોડતાં વાહનોનું એકચક્રી શાસન ચાલી રહ્યું છે અને બસ મથક આગળથી મુસાફરો ભરવામાં આવી રહ્યા છે જે સ્થાનિક પોલીસ ઉપરાંત ટ્રાફીક પોલીસ પણ ક્યાં કોનાં કેટલાં વાહનો રુટ ઉપર દોડે છે તે જાણતી હોવા છતાં કોઈ પગલાં ભરવામાં આવતાં નથી. જિલ્લામાં ટ્રાફીકની જાગૃતતા માટે કડક કાર્યવાહી હવે શરુ થયાના દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે શટલિયાં વાહનો સામે પગલાં ક્યારે ભરાશે ?? તેના ઉપર પ્રજાની નજર ટેકવાઈ છે. અમદાવાદના ગોઝારા અકસ્માત પછી પોલીસ અને ટ્રાફીક પોલીસ દ્વારા ઠેકઠેકાણે ટ્રાફીક ડ્રાઈવ શરુ કરવામાં આવી પરંતુ ગેરકાયદે મુસાફરો ભરીને બેફામ દોડતા વાહનો સામે કોઈ પગલાં ભરાતાં ન હોવાથી ટ્રાફીક ડ્રાઈવ દેખાડારુપ જણાઈ રહી છે.

### તાબાના પોલીસ સ્ટેશનોને સૂચના આપી છે – ટ્રાફીક પી.આઈ.

અરવલ્લી ટ્રાફીક શાખાના પી.આઈ., કે.એસ.ચાવડાએ જણાવ્યું હતું કે મુસાફરો ભરીને દોડતાં વાહનોમાં ટ્રાફીકના નિયમોનો ભંગ થતો હોય તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવા માટે જે તે તાબાના પોલીસ સ્ટેશનોને સૂચના આપવામાં આવી છે.

# તલોદ GIDC પાસે આંબાવાડીમાં જી.ઈ.બીની લાઈનનો જીવંત તાર તૂટતાં ખેડૂતોમાં ભયનો માહોલ



તલોદ, તા. ૩૦

તલોદ જી આઈ ડી સી પાસે આવેલ આંબાવાડી આજ રોજ વાદળ છાયા વાતાવરણ વચ્ચે ધીમી ધારે પડી રહેલ વરસાદી માહોલ વચ્ચે અચાનક જી ઈ બી નિ લાઈનના વીજળી ના તાર એક બીજા સાથે સંકળાઈ જતા થડાકા ભેર આવજ સાથે જીઈબીની લાઈનનો તાર તૂટતાં જીઈ બી નું તંત્ર દોડતું થયું હતું આંબાવાડી ના ખેડૂતોના જણાવ્યા મુજબ જીઈબીમા અનેકવાર રજુવાતો કરવા છતાંય વેલાઓ અને જાળી જોખર અને લાઈનને નડતા ઝાડ દૂર ન કરતા આવી ગટનાઓ બની રહી છે જી ઈ બી ના કર્મચારીયો આખ આડા કાન કરી નિકરી જાય છે તૂટેલા તારનું રીપેરીગ કામ કરી લાઈન તો ચાલુ કરી હતી પણ આ આંબાવાડીની લાઈનનું રીપેરીંગ કામ કરવાની ખેડૂતોની માગ છે.

## જલ્લા પંચાયત હસ્તકના ફાર્માસીસ્ટો આંદોલનના માર્ગે

# સાબરકાંઠા, અરવલ્લીમાં ફાર્માસીસ્ટો દ્વારા ત્રણ દિવસથી ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર

## ૯ ઓગષ્ટથી વેક્સિનેશનની કામગીરી બંધ કરવાની ચીમકી

બાયડ, તા.૩૦

સરકાર દ્વારા ફાર્માસીસ્ટોની પડતર માંગણીઓનો સ્વીકાર કરવામાં ન આવતાં જિલ્લા પંચાયત હસ્તકના ફાર્માસીસ્ટોએ આંદોલનનો જંગ છેડ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૮૫ ફાર્માસીસ્ટો દ્વારા આ મુદ્દે ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. જ્યારે ૯ ઓગષ્ટથી વેક્સિનેશનની કામગીરી સંપૂર્ણ બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે. ઘણા લાંબા સમયથી માસિક ભથ્થાની માગણી, તાલુકા કક્ષાએ મહેકમ મંજૂર કરવું તેમજ ઓનલાઈન એન્ટ્રી અને ફાર્માસીસ્ટોને આપવામાં આવતી વધારાની કામગીરી સામે ફાર્માસીસ્ટોએ આંદોલન છેડ્યું છે. ગુજરાત સ્ટેટ પંચાયત ફાર્માસીસ્ટ એસોસીએશન દ્વારા પડતર માગણીઓ મુદ્દે આંદોલન શરુ કરવામાં આવ્યું છે. રાજ્યમાં વેક્સીનેશનની વધારાની કામગીરી બદલ માસિક ભથ્થાની માગણી, જિલ્લા અને તાલુકા કક્ષાએ ફાર્માસીસ્ટનું મહેકમ મંજૂર કરવા અંગે રજૂઆતો થઈ હોવા છતાં સરકાર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી જેના કારણે જિલ્લા પંચાયત તાબાના ફાર્માસીસ્ટોએ ઓનલાઈન એન્ટ્રી સહિતની કામગીરી બંધ કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ ફાર્માસીસ્ટો દ્વારા રાજ્ય વ્યાપી આંદોલનને સમર્થન આપવામાં આવ્યું છે અને ૩ દિવસથી ઓનલાઈન એન્ટ્રીની કામગીરી બંધ કરવામાં આવી છે. જ્યારે ૯ ઓગષ્ટથી ફાર્માસીસ્ટો દ્વારા વેક્સિનેશન કામગીરીનો પણ બહિષ્કાર કરવામાં આવનાર છે. સરકાર દ્વારા ૯ ઓગષ્ટ સુધીમાં કોઈ સુખદ નિવેડા લાવવામાં નહીં ઓગષ્ટથી ફાર્માસીસ્ટો આવે તો ફાર્માસીસ્ટને લગતી તમામ કામગીરીનો બહિષ્કાર કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ફાર્માસીસ્ટો દ્વારા અગાઉ રજૂઆતોની સાથે આવેદનપત્રો આપવામાં આવ્યા હોવા છતાં સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી જેથી હવે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. કોરોનાની મહામારી સમયે વેક્સિનેશન લોડીંગ અને અનલોડીંગના ૧૩૦ દિવસના ઈન્સેટીવના ચૂકવણાથી પણ ફાર્માસીસ્ટોને વંચિત રાખવામાં આવતાં રાજ્ય સહિત જિલ્લામાં ફાર્માસીસ્ટોએ સરકાર સામે મોરચો માંડ્યો છે.

### વાયરલ રોગચાળા સમયે આંદોલનથી આરોગ્ય સેવાઓ કથળશે

ચોમાસાની સીઝનમાં વાયરલ રોગચાળાએ માથું ઉંચક્યું છે અને ખાનગી દવાખાના સાથે સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે તેવા સમયે ફાર્માસીસ્ટોના આંદોલનના કારણે આરોગ્ય સેવાઓ કથળવાની દહેશત છે. હાલમાં ઓનલાઈન ડેટાએન્ટ્રી બંધ કરવામાં આવી છે અને ઉકેલ નહીં આવે તો વેક્સિનેશનનો પણ સંપૂર્ણ બહિષ્કાર કરવાની ચીમકી સંગઠન દ્વારા આપવામાં આવતાં આરોગ્ય તંત્રની રોગચાળા સમયે કપરી કસોટી છે.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની વાર્ષિક જનરલ સભા કલેકટરના અધ્યક્ષસ્થાએ યોજાઈ

## નવી બ્લડ કલેક્શનવાનને ઉષ્માભેર આવકાર

મોડાસા, તા. ૩૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસાની પાંચમી, છઠ્ઠી તથા સાતમી વાર્ષિક જનરલ સભા અરવલ્લી જીલ્લા કલેક્ટર પ્રશસ્તિ પરીકે અધ્યક્ષતામાં મોડાસાના શ્રી ઉમિયા મંદિર હોલ ખાતે યોજાઈ હતી જેમાં રેડ ક્રોસ સોસાયટીના હોદ્દેદારો અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા એક સાથે ત્રણ વર્ષની વાર્ષિક સામાન્ય સભામાં જીલ્લામાં જરૂરિયાતમંદ અને ગરીબ લાભાર્થીઓ માટે આરોગ્યલક્ષી સેવા સુદ્રઢ બને તે દિશામાં કામ કરવા સંકલ્પ કર્યો હતો. મોડાસાના શ્રી ઉમિયા મંદિર હોલમાં શનિવારે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસાની પાંચમી, છઠ્ઠી તથા સાતમી વાર્ષિક જનરલ સભા યોજાઈ હતી જેમાં સભાના અધ્યક્ષ કલેકટર પ્રશસ્તિ પારીકના હસ્તે નવી બ્લડ કલેક્શનવાની પૂજા વિધી સાથે વધાવી હતી અરવલ્લી રેડક્રોસની ટીમે કલેક્ટરનું શાલ અને ફુલછડીથી સન્માન કરવામાં આવ્યું હતું.પ્રાર્થના બાદ ચેરમેન ભરતભાઈ પરમારે સભામાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી જીલ્લામાં ચાલતી રેડ ક્રોસની વિવિધ પ્રવૃતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને આગામી સમયમાં નવા પ્રોજેક્ટ વિષે માહિતગાર કર્યા હતા સેક્રેટરી રાકેશભાઈ જોષીએ છેલ્લા ત્રણ વર્ષમાં રેડક્રોસ દ્વારા કરવામાં આવેલ સેવાકીય પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો.ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમીને ત્રણ વર્ષનું વાર્ષિક સરવૈયું અને હિસાબ રજૂ કરતા સર્વે સભાસદો દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું. રેડક્રોસના કારોબારી સભ્ય વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા ગત જનરલ સભાનું પ્રોસેડિંગ વાંચી સંભળાવ્યું હતું. ત્યાર બાદ રેડક્રોસના દર કાર્યક્રમમાં સહયોગ આપતા ઊમિયા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રભુદાસ પટેલનું કલેક્ટરના હસ્તે ખાદીના રૂમાલ અને ફુલછડીથી સન્માન કરવામાં આવ્યું હતું. રેડક્રોસની નવી બ્લડ કલેક્શન વાન મંજૂર થતાં દિલ્હી થી મોડાસા સહી સલામત લાવનાર કનુભાઈ પટેલ અને તેમના સાથી મિત્રોનું પણ કલેક્ટરના હસ્તે ખાદીના રૂમાલ અને ફુલછડીથી સન્માન કરવામાં આવ્યું હતું જનરલ સભાના અધ્યક્ષ પ્રશસ્તિ પારીકે કાર્યક્રમને અનુરૂપ ઉદભોદન આપી રેડક્રોસની સેવાકીય પ્રવૃત્તિઓ તથા કોરોનાકાળમાં કરેલ સેવાઓને બિરદાવી હતી ઉપરાંત આગામી સમયમાં રેડક્રોસ અરવલ્લીના વિકાસ માટે પ્રયત્ન કરવા જણાવ્યુ હતું. આ પ્રસંગે રેડક્રોસ સોસાયટીના સૌ કારોબારી સભ્યઓ,સભાસદો,તાલુકા શાખાના ચેરમેન-સેક્રેટરી, ઊમિયા મંદિરના ટ્રસ્ટીઓ, આમંત્રિત મહેમાનો, સ્ટાફ ગણ વગેરે હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કારોબારી સભ્ય જયેન્દ્રભાઈ પંડ્યા અને અરવિંદભાઈ શ્રીમાળીએ કર્યું હતું. આભાર વિધિ કારોબારી સભ્ય કે.કે.શાહએ કરી હતી. અંતે રાષ્ટ્રગીત ગાઈ સભા પૂર્ણ જાહેર કરાઈ હતી.




# તલોદ પોલીસ દ્વારા દોઢ વર્ષ પૂર્વે પોલીસ દફતરે નોંધાયેલ ગુનાના આરોપીને ઝડપી લેવામાં સફળતા

મોડાસા, તા. ૩૦

આ અંગે મળતી માહિતી મુજબ તલોદ ના છગન ભાઈ ભુરાભાઈ ભરવાડ નામનો ઈસમ છેલ્લા ત્રણ ચાર વર્ષ થી ચા બનાવવાની કીટલી ચલાવતો હતો ગત તા ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ બપોર ના એક વાગ્યાની આસપાસ કુદરતી હાજતે જઈ પરત ફરી રહેલા છગન ભરવડ બાજુ માં આવેલ સત્યમ સેલ્સ નામની દુકાન આગળ વીસ વર્ષીય બે નબીરા ભિટકાઈ ગયા હતા તેમણે છગન ભરવાડ ને પેન્ટ ના ખિસ્સા માંથી કાળા કલરનું પાકીટ કાઢી જણાવેલ કે આ પર્સ મળેલ છે જેમાં ૨૫૦૦૦ રૂપિયા છે અને અમો બહાર ગામના હોઈ અમોને કોઈ ઓળખતું નથી તેમ કહી તમે પૈસા રાખી લો અને તમારો મોબાઈલ અને તમારા ગળા મા પહેરેલ સોનાનું પેન્ડલ મને આપી દો તેમ કહી છગન ભરવાડ ને વિશ્વાસ માં લઈ ઓપ્પો કંપનીનો મોબાઈલ અને પોણા તોલા નું ગળા નું પેંદલ જેની કુલ કિંમત ૩૬૦૦૦ આપી દીધું હતું મોબાઈલ અને પેન્દલ લઈ બને નબીરા ફરાર થઈ ગયા હતા આ અંગે તલોદ પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો

જે સંદર્ભે તલોદ ડી સ્ટાફ ના એ એસ આઈ જયપાલ સિંહ તેમજ અશોક ભાઈ અને સ્નેહલ ભાઈ ના ઓ એ ટેકનિકલ સર્વેલાન્સ અને હ્યુમન સોર્સ ના આધારે નાસ્તા ફરતા આરોપી ભાણા ભાઈ દાના ભાઈ સલાટ રહે ભીલ વાસ હિંમતનગર ના ને ઝડપી લઈ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.




## નિયમ ભંગ કરનાર સ્કુલ વાહનો પર તવાઈ આવશે

# સાબરકાંઠામાં આવતા સપ્તાહથી સ્કૂલ વર્ધીમાં ફરતા વાહનોની ખાસ ડ્રાઈવ

## ટ્રાફીક નિયમોનું પાલન, ગતિમર્યાદામાં વાહન ચલાવવા શિક્ષણ વિભાગને સૂચના

બાયડ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લામાં ટ્રાફીકના નિયમોનું કડકાઈથી પાલન કરવા માટે આર.ટી.ઓ. વિભાગ સજ્જ થયો છે. આવતા સપ્તાહથી સ્કુલ વર્ધીમાં ફરતા વાહનોની ખાસ ડ્રાઈવ યોજવા તૈયારીઓ થઈ છે. ટ્રાફીકના નિયમોનું પાલન અને ગતિમર્યાદામાં સ્કુલ વાહનો ચાલે તે માટે વિભાગ દ્વારા અગાઉથી શિક્ષણ વિભાગને સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં ઘેટાં-બકરાંની જેમ વિદ્યાર્થીઓને ભરી બેફામ રીતે સ્કુલ વાહનો દોડી રહ્યાં છે ત્યારે ડ્રાઈવ દરમ્યાન નિયમ ભંગ કરનારા સ્કુલ વાહનો ઉપર તવાઈ આવી શકે છે.

માર્ગ અકસ્માતો ઘટાડવા માટે આર.ટી.ઓ. તેમજ ટ્રાફીક પોલીસ દ્વારા પ્રયાસ કરવામાં આવતા હોવા છતાં વાહન ચાલકો નિયમોનો ભંગ કરી અકસ્માત નોંતરી રહ્યા છે. અમદાવાદના ગોઝારા અકસ્માત પછી આર.ટી.ઓ. અને ટ્રાફીક પોલીસ દ્વારા હવે કડકાઈથી ટ્રાફીકના નિયમોનું પાલન થાય તે માટે તૈયારીઓ કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. વિભાગ દ્વારા બેફામ વાહન હંકારી પોતાનો અને અન્ય લોકોનો જીવ જોખમમાં મૂકનારા વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી શરુ કરવામાં આવ્યા પછી હવે સ્કુલ વર્દીમાં દોડતાં વાહનો સામે પણ લાલઆંખ કરવાની તૈયારી થઈ છે. જેમાં આવતા સપ્તાહથી વિદ્યાર્થીઓને ઘરે થી સ્કુલ સુધી અને સ્કુલ થી ઘરે સુધી પહોંચાડતા તમામ વાહનોની તપાસ માટે આર.ટી.ઓ. વિભાગ દ્વારા ખાસ સ્કુલ વાન માટે ડ્રાઈવ યોજવાની તૈયારીઓ શરુ કરવામાં આવી છે. જિલ્લામાં શૈક્ષણિક સંકુલોની સંખ્યા વધ્યા પછી સ્કુલ વર્ધમાં દોડતાં વાહનોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે જેમાં કેટલાક વિસ્તારોમાં તો આર.ટી.ઓ. અને ટ્રાફીકના નિયમોનો દેખીતો છેદ ઉડી રહ્યો છે પરંતુ હમણાં સુધી કોઈ પગલાં ભરાયાં નથી પરંતુ હવે આર.ટી.ઓ. વિભાગ દ્વારા શિક્ષણ વિભાગને સ્કુલ વાહનોમાં ટ્રાફીકના નિયમોનું પાલન તેમજ ગતિમર્યાદા જળવાય તે જોવા માટે સૂચના અગાઉથી આપવામાં આવી છે.

### શિક્ષણ વિભાગને સૂચના આપ્યા પછી સ્કુલ વાહનની ડ્રાઈવ - આર.ટી.ઓ. અધિકારી

સાબરકાંઠા આર.ટી.ઓ.અધિકારી તપન મકવાણાએ જણાવ્યું હતું કે સ્કુલની વર્દીમાં ફરતા વાહનો ટ્રાફીકના નિયમોનું પાલન કરવાની સાથે ગતિમર્યાદામાં વાહન ચલાવે તે માટે અગાઉથી વિભાગ દ્વારા શિક્ષણ વિભાગને સૂચના આપવામાં આવી છે અને આગામી સપ્તાહથી સ્કૂલ વાહનો માટે ખાસડ્રાઈવ યોજવામાં આવશે.

# ડીસામાં મોહરમ નિમિત્તે તાજિયાના જુલૂસ નીકળ્યા



ડીસા, તા. ૩૦

શોક અને શહાદતનો તેહવાર એટલે મોહરમ. ઈસ્લામ ધર્મના મહાન અને અંતિમ પયગમ્બરના નવાસા હઝરત ઈમામ હુસેને પોતાના ૭૨ સાથીઓ સાથે ૨૨ હજારના યઝિદોના લશ્કર સામે લડીને સત્ય ખાતર શહિદી વોહરી હતી. તેમની યાદમાં ડીસામાં જોહરની નમાઝ બાદ તાજીયા જુલૂસ નીકળ્યું હતું. જે જુલૂસ ડોલીવાસથી સરકારી તાજીયા સાથે મિરાં મોહલ્લા, મોહમદ પૂરા, છોટા પૂરા, બડા પૂરા, હુસેની ચોક સહિત વિસ્તારના નાના મોટા ૧૦ તાજીયા નીકળ્યા હતા. આ પ્રસંગે હિન્દુ ભાઈઓએ ઠેર ઠેર તાજીયા જુલૂસનું સ્વાગત કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે યુવાનોએ શરીર પર ટ્યુબ લાઈટ ફોડી, સળિયા બે ગાલમાંથી આર પાર કરી, શરીર પર સાંકળના ઘા કરી અવનવા કરતબબ કરી કરબલાની યાદ અપાવી હતી આ પ્રસંગે ઠેર ઠેર યુવાનો દૂધ કોલ્ડ્રિંક તથા સરબત પીવડાવતા નજરે પડ્યા હતા.તાજીયાનું જુલૂસ ડોલી વાસથી લેખેરાજ ચાર રસ્તાથી સરસ્વતી થઈ ગાંધી ચોક થઈ જૂની પોલીસ લાઈન થઈ મીરા મોહલ્લા અને ગવળી કબ્રસ્તાન ખાતે તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સૈયદ મોહમદ અલી બાવા, સૈયદ હસનઅલી બાવા સહિત મુસ્લિમ સમાજના મોટી સંખ્યામાં બિરાદરો જુલૂસમાં જોડાયા હતા. આ પ્રસંગે ડીસા શેહર પીઆઈ જી. આર. રબારી સહિત ૧૦૦ થી વધુ પોલીસ જવાન તથા ૫૦ હોમગાર્ડ જવાન ખડે પગે રહી મોહરમના પર્વને સફળ બનાવ્યો હતો .